# એડીશ્નનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ, ધારી–અમરેલી

| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ | ૧૭ | ૦૧ | ૨૦૨૫ |
| દાખલ તારીખ | ૧૭ | ૦૧ | ૨૦૨૫ |
| ફેસલ તારીખ | ૦૯ | ૦૬ | ૨૦૨૬ |
| | ૦૧ વર્ષ | ૦૪ મહીના | ૨૩દિવસ |

આંક–૩૧

## ફોજદારી કેસ નંબર:– ૫૭/૨૦૨૫

ગુજરાત રાજ્ય
(મુળ ફરિયાદી ધારાબેન રાજેશભાઇ દેવમુરારી) .........ફરિયાદી

વિરુદ્ધ

(૧) પાર્થભાઇ ભરતભાઇ કુબાવત
(૨) શોભનાબેન ભરતભાઇ કુબાવત
(૩) મિલનભાઇ ભરતભાઇ કુબાવત
(૪) બીનાબેન ઉર્ફે દીપુબેન સંદીપભાઇ દેવમુરારી
(૫) ભરતકુમાર કનકરાય કુબાવત
હાલ રહે:– આજીડેમ ચોકડી, ગોકુલ પાર્ક, શેરી નંબર–૩,
રાજકોટ, તાલુકો અને જીલ્લો:– રાજકોટ ..........આરોપીઓ

**આરોપ ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૧૧૫(૨), ૮૫ અને ૫૪ મુજબનો**

**સરકાર પક્ષે વિદ્વાન એ.પી.પી શ્રી : – બી.કે.ચૌધરી અને એમ.એમ.સકસેના**
**આરોપી તરફે વિદ્વાન વકીલ શ્રી : – આર.એન.જોષી**

૧) આ કામે ફરિયાદ મુજબ ફરિયાદ પક્ષની ટુંક હકીકત એવી છે કે આ કામના ફરિયાદીના લગ્ન આરોપી નંબર–૧ સાથે તારીખ ૨૦/૦૧/૨૦૨૪ ના રોજ થયા હતા. ફરિયાદી તેણીના લગ્ન બાદ સાસરે ખેરડી મુકામે તેમના પતિ, સાસુ–સસરા સાથે રહેતા હતા. ફરિયાદીના જેઠ મિલનભાઇ રાજકોટ મુકામે રહે છે. ફરિયાદ મુજબ તેણીનુ શરુઆતનુ લગ્ન જીવન સારુ ચાલતુ હતુ ત્યારબાદ તેણી પોતાના માવતરે આંટો મારવા ગયા હતા. ફરિયાદી સાસરે પરત ગયા ત્યારે તેણીના સાસુ એવુ કહેતા હતા કે માવતરને ત્યાથી રસોઇ શીખીને આવી નથી? કેમ રસોઇ આવડતી નથી. ફરિયાદી કપડા ધોવા બેસે તો સાબુ ઓછો દેવા બાબતે રકઝક કરવા લાગ્યા હતા. ફરિયાદી બિમાર પડતા તેણીને દવાખાને લઇ જવાનુ કહેતા ફરિયાદીના સાસુ એવુ કહેવા લાગ્યા હતા કે હજી તો પરણીને આવી છો ત્યા તો બિમાર પડવા લાગી અને મંદવાડના ખાટલા પાથરેલ છે તેમ કહીને દવાખાને લઇ ગયા ન હતા. ફરિયાદીના સસરા પણ ફરિયાદીના સાસુ ને સાથ પુરાવતા અને માવતર વિશે મેણા ટોણા મારતા હતા. ફરિયાદી આ તમામ હકીકતની જાણ તેમના માવતરમા કરી હતી અને માવતર મા રહેવા જતા રહ્યા હતા. ત્યારબાદ સમાધાન કરીને સમાધાન કરીને સાસરે રહેવા ગયા હતા. ત્યારબાદ ફરિયાદી તેમના પતિ સાથે આજીડેમ ચોકડી, ગોકુલ પાર્ક સોસાયટીમા ભાડાના મકાનમા રહેતા હતા. ફરિયાદીના પતિ કંપનીમા નોકરી એ જતા હતા અને ત્યાથી પરત આવે ત્યારે રસોઇ બનાવવામા મોડુ થયુ હોય તો હાથચાલાકી કરીને ધોલ ધપાટ મારી લેતા હતા પરંતુ ફરિયાદી તે બધુ મુંગા મોઢે સહન કરતા હતા. ફરિયાદી ના પતિ, તેણી ના ચારિત્ર્ય પર શંકા કરવા લાગેલા અને મારકુટ કરવા લાગ્યા હતા. એક દિવસ ફરિયાદી અને તેમના પતિ વચ્ચે ઝગડો થતા જેઠ મિલન ભાઇ પણ ત્યા આવ્યા હતા અને તેમણે બે માથી કોઇનો વાંક જોયા વગર ફરિયાદીના ગાલ ઉપર ચાર–પાંચ ધોલુ મારી દીધેલ. રાજકોટ રહેતા ફરિયાદીના ફઇજી સાસુ દીપુબેન સંદીપભાઇ દેવમુરારી પણ ઝગડામા સામેલ થયા હતા અને ફરિયાદીને ઢસડીને ઘરમા પુરી દીધા હતા. ત્યારબાદ ફરિયાદી તેમના માવતરના ત્યા રિસામણે આવતા રહ્યા છે. ફરિયાદી ૪ (ચાર) મહિના રિસામણે હતા પરંતુ ઘરસંસાર ન બગડે તે માટે ફરિયાદ ન કરીને સમાધાન કરવા અને તેડી જવા કહેતા હતા પરંતુ આરોપીઓ એ ના પાડી હતી જેથી ફરિયાદીએ મહિલા પોલીસ સ્ટેશન અમરેલી ખાતે કેસ કર્યો હતો અને ત્યા ફરિયાદીના સાસરી વાળાને બોલાવ્યા હતા પરંતુ

સમાધાન થયુ ન હતુ. આમ આરોપીઓ, ફરિયાદીને અવારનવાર મેણા–ટોણા મારી તથા હાથ ચાલાકી કરી, શારિરીક–માનસિક ત્રાસ આપ્યો હોવાની ફરિયાદ કરી છે.

૨) આ ફરિયાદના આધારે **ચલાલા પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નંબર ફર્સ્ટ ૧૧૧૯૩૦૧૩૨૪૦૨૮૫/૨૦૨૪, તારીખ ૧૦/૧૨/૨૦૨૪** થી ગુનો નોંધી ગુનાનુ અનવેષણ, તપાસ કરનાર અધિકારીએ કર્યુ હતુ. જેમાં તપાસ કરનાર અધિકારીએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધવાની કાર્યવાહી કરી હતી. આ ગુનાની તપાસ ના અંતે તપાસનીશ અધિકારીને આરોપીઓ વિરુદ્ધ પુરતો પુરાવો હોવાનુ જણાતા **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૧૯૩** મુજબ **ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૧૧૫(૨), ૮૫ અને ૫૪** મુજબના ગુનાનુ ચાર્જશીટ કર્યુ છે.

૩) આ ગુનાની ચાર્જશીટના આધારે, અદાલતે **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૧૦(૧)(બી)** મુજબ ગુનાનુ સંજ્ઞાન લીધુ હતુ. આ કેસમાં આરોપી તેમના વિદ્વાન વકીલ શ્રી સાથે હાજર થયા છે. ત્યારબાદ આરોપી હાજર થતા **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૩૦ મુજબ** પોલીસપેપર્સની નકલ વિના મુલ્યે પુરી પાડીને **આંક–૮** થી તહોમતનામુ ફરમાવી ને **આંક–૯ થી ૧૩** વડે આરોપીઓના નિવેદન નોંધ્યા હતા. આરોપીઓ એ પોતાના નિવેદન મા ગુનો કર્યો હોવાનો ઈન્કાર કર્યો હતો.

૪) સદરકામમાં ફરિયાદ પક્ષ દ્વારા નીચે મુજબનો પુરાવો રજુ કરવામા આવ્યા છે.

| **મૌખિક પુરાવો** | |
|---|---|
| આંક–૨૫ | ફરિયાદી/ભોગ બનનાર ધારાબેન ડો/ઓ રાજેશભાઇ દેવમુરારી ની જુબાની |

| દસ્તાવેજી પુરાવો | |
|---|---|
| આંક–૨૬ | ફરિયાદ |

૫) આ કામે ફરિયાદપક્ષે ફરિયાદી અને ભોગ બનનાર સિવાય અન્ય કોઇ સાક્ષીઓ તપાસ્યા નથી. આ કેસમા ફરિયાદી અને ભોગ બનનાર ની જુબાની થઇ ગયા પછી ફરિયાદપક્ષે **આંક–૨૮** થી પુરાવો પુરો થયા અંગેની પુરશીશ રજુ કરી છે. આ કેસમા આરોપીઓને ખુલાસો કરવાની, તેમની તરફેણમા કોઇ સાહેદો તપાસવા માંગતા હોય કે દસ્તાવેજી પુરાવા ઓ રજુ કરવા માંગતા હોય તો તે માટે આરોપીઓ ને તક આપી છે. આરોપીપક્ષે તેમની તરફેણ મા કોઇ સાહેદ તપાસવા માંગતા ન હોવાની કે કોઇ દસ્તાવેજી પુરાવા રજુ કરવા માંગતા ન હોવાની રજુઆત કરતી પુરશીશ રજુ કરી છે તે પુરશીસ **આંક–૩૦** થી રેકર્ડમાં સામેલ છે. આ રજુ થયેલા પુરાવાઓ પર થી નીચે મુજબના મુદ્દાઓ આ અદાલતના ન્યાયનિર્ણય માટે ઉપસ્થિત થયા છે

**મુદ્દાઓ**

(અ) શું ફરિયાદપક્ષ નિશંકપણે સાબિત કરે છે આ કામના આરોપીઓ એ ફરિયાદીને રસોઇ ન આવડવા બાબતે, કપડા ધોવામા વધુ સાબુ વાપરવા બાબતે તેમજ રસોઇ મોડી થઇ હોય તે બાબતે મેણા–ટોણા મારી, આરોપી નંબર–૧ ફરિયાદીને હાથ ચાલાકી કરી ધોલ ધપાટ કરી, ફરિયાદી અને આરોપી વચ્ચે ઝગડો થતો હતો ત્યારે ફરિયાદીના જેઠ મિલનભાઇ ફરિયાદી કે તેમના પતિ મથી કોઇનો વાંક જોયા વગર ફરિયાદીના ગાલ ઉપર ચાર–પાંચ ધોલ મારી, ફરિયાદીના ફઇજી સાસુ એ ફરિયાદીને ઢસડી ને રૂમમા પુરી દઇ, શારીરિક–માનસિક ત્રાસ આપી ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૧૧૫(૨), ૮૫ અને ૫૪ મુજબનો ગુનો કર્યો છે?

(બ) શું હુકમ છે?

૬) **મુદ્દાઓ પરનો નિર્ણય**

(અ) નકારમાં

(બ) આખરી હુકમ મુજબ

૭) **નિર્ણય માટેના કારણો**

મુદ્દા નંબર – ૫ (અ) મુજબ આ કામના આરોપી પર આરોપવામા આવેલ ગુનાઓ અંગે ફરિયાદ પક્ષના પુરાવાનુ મુલ્યાંકન કરીએ તો ફરિયાદપક્ષે સૌપ્રથમ સાહેદ તરીકે ફરિયાદીને તપાસ્યા છે. ફરિયાદી અદાલત સમક્ષની **આંક–૨૫** થી રજુ સોગંદ પરની જુબાનીમા જણાવે છે કે ફરિયાદી જણાવે છે કે તેણી ના લગ્ન આ કામના આરોપી સાથે જ્ઞાતિના રીત રિવાજ મુજબ તારીખ ૨૦/૦૧/૨૦૨૪ ના રોજ થયા હતા. લગ્ન બાદ ફરિયાદી તેણીની સાસરીમા સંયુકત કુટુંબમા આરોપીઓ સાથે રહેતા હતા ત્યારબાદ તેમણે આરોપીઓ સાથે ઘરકામ બાબતે સામાન્ય નાની–મોટી બોલાચાલી થતી હતી. જેથી ફરિયાદી તેમના પિયર જતા રહ્યા હતા. વધુમા ફરિયાદી જણાવે છે કે ત્યારબાદ સમાધાન કરીને સાસરે અલગ અમ્કાનમા તેમના પતિ અને જેઠ સાથે રહેતા હતા તે વખતે તેમના પતિ, ફઈજી સાસુ દીપુબેન અને જેઠ સાથે ઘરકામ બાબતે બોલાચાલી થતી હતી. ફરિયાદી જણાવે છે કે તેમણે આ બાબતે ચલાલા પોલીસ સ્ટેશનમા ફરિયાદ આપી હતી. ફરિયાદી, ફરિયાદમા પોતાની સહી ઓળખી બતાવે છે. આમ ફરિયાદી જ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી. ફરિયાદી તે હકીકતનો ઈન્કાર કરે છે કે આરોપીઓ એ તેમને માર મારેલ અને કરીયાવર બાબતે મેણા–ટોણા મારેલ તેમજ ફરિયાદીના પતિ ચારિત્ર્ય બાબતે ખોટી શંકા કરી મારઝુડ કરતા હતા. ફરિયાદી તે હકીકતનો ઈન્કાર કરે છે કે એક વખત તેણી ના જેઠ એ તેણીના

ગાલ પર ચાર–પાંચ વખત લાફા મારી દીધા હતા અને ફઈજી સાસુ દીપુબેન એ ઢસડીને રૂમમા પુરી દીધા હતા. ફરિયાદી તે હકીકતનો ઈન્કાર કરે છે કે તેઓ આરોપીઓને બચાવવા સોગંદ પર ખોટી જુબાની આપે છે. ફરિયાદીની ઉલટતપાસ આરોપીના વિદ્વાન વકીલશ્રી એ કરી છે જેમા ફરિયાદી તે હકીકતનો સ્વીકાર કરે છે કે આરોપીઓ એ કરિયાવર બાબતે તેણીને માર માર્યો નથી.

આ ફરિયાદમા જણાવેલી હકીકત પારીવારિક બાબત છે. તેથી ફરિયાદવાળા બનાવની માહિતી ફરિયાદી અને તેમના પરિવારના સભ્યો ને જ હોય. કોઈપણ ગુનાના ભોગ બનનાર તે ગુનાના મહત્વના સાક્ષી ગણાય. આ ફરિયાદી જ ફરિયાદવાળા બનાવના ભોગ બનનાર છે. ફરિયાદી એ અદાલત સમક્ષ આપેલી સોગંદ પરની જુબાની પરથી ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ– ૮૫ મા વ્યાખ્યાયિત કર્યા મુજબની "ક્રુરતા" ફલિત થતી નથી. આમ ફરિયાદવાળો બનાવ માત્ર પતિ પત્ની વચ્ચેના સામાન્ય ઝગડાનો છે અને તેના થી ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ– ૮૫ ના તત્વો સંતોષાતા નથી. વધુમા આ કામે ફરિયાદીને ઈજા થઈ હોવાના કોઈ આધાર પુરાવા રજુ થયા નથી તેથી ફરિયાદપક્ષના પુરાવા પરથી ભારતીય ફોજદારી ન્યાય સંહિતા–૨૦૨૩ મુજબના ગુનાના તત્વો સંતોષાતા નથી. ફરિયાદી અદાલત સમક્ષની સોગંદ પરની જુબાનીમા આરોપીઓ એ દહેજની માંગણી કરી હોવાની હકીકત જણાવતા નથી. આમ ફરિયાદી એ અદાલત સમક્ષ આપેલી સોગંદ પરની જુબાની પરથી જ ફરિયાદપક્ષના કેસને સમર્થન મળતુ નથી. તેથી આરોપીઓ વિરુદ્ધની ન્યાયિક કાર્યવાહી માટે અન્ય સાહેદો ને તપાસવામા આવે તો પણ ન્યાયનો હેતુ સરે તેમ ન હોવાનુ વિદ્વાન એ.પી.પી શ્રી ને જણાયુ હતુ તેથી તેમણે અન્ય સાહેદોને તપાસ્યા નથી. નામદાર સર્વોચ્ચ અદાલતે **સતીષ મહેરા વિરુદ્ધ દિલ્હી એડમિનિસ્ટ્રેશન [1996 (9) SCC 766]** ના ચુકાદામા પ્રસ્થાપિત કર્યુ છે કે

"when the Judge is fairly certain that there is no prospect of the case ending in conviction the valuable time of the Court should not be wasted for holding a trial only for the purpose of formally completing the procedure to pronounce the conclusion on a future date."

આમ આ કેસમા ફરિયાદી જ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી. આ કેસમા ફરિયાદપક્ષે રજુ કરેલા પુરાવાઓ પરથી આરોપી વિરુદ્ધ આરોપવામાં આવેલો ગુનો નિશંકપણે સાબિત થતો નથી તેવુ આ અદાલતનુ નમ્રપણે માનવુ છે. આથી મુદ્દા નંબર ૫(અ) નો જવાબ નકારમાં આપીને નીચે મુજબનો આખરી હુકમ કર્યો છે.

## હુકમ

આ કામે આરોપી (૧) પાર્થભાઇ ભરતભાઇ કુબાવત (૨) શોભનાબેન ભરતભાઇ કુબાવત (૩) મિલનભાઇ ભરતભાઇ કુબાવત (૪) બીનાબેન ઉર્ફે દીપુબેન સંદીપભાઇ દેવમુરારી (૫) ભરતકુમાર કનકરાય કુબાવત હાલ રહે:– આજીડેમ ચોકડી, ગોકુલ પાર્ક, શેરી નંબર–૩, રાજકોટ, તાલુકો અને જીલ્લો:– રાજકોટ વાળાઓ ને તેમની વિરુદ્ધ આરોપવામાં આવેલા **ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૧૧૫(૧), ૮૫ અને ૫૪** મુજબના ગુનામાથી **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૭૧(૧)** મુજબ નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ **ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૧** મુજબ અપીલ સમય સુધીના રૂપિયા ૧૫,૦૦૦/– ના નવા સદ્ધર જામીન અને તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કરવો.

આ હુકમ આજરોજ તારીખ ૦૯/૦૬/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ– ૦૯/૦૬/૨૦૨૬

સ્થળ– ધારી

(એચ જે ઝાલા)
બીજા અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
ધારી
જજ કોડ– જીજે–૦૧૩૬૯